## સ્ત્રીજીવનની વાસ્તવિકતા.

સમાજમાં આજ સુધી કહેવાય છે કે સ્ત્રી પુરૂષના ટેકા વગર, છત્ર–છાયા વગર જીવી શકતી નથી.કે પછી સમાજ જ તેને જીવવા દેતો નથી ?સ્ત્રીને નિર્બળ કહેવામાં આવે છે.જો નારી અબળા છે તો તેના ઉપર આટલા બંધનો આટલા દબાણો શા માટે છે? તેમને મારવાના પ્રયત્નો શા માટે થાય છે? નારી નિર્બળ અબળા છે કે પછી સમાજમાં તેની તાકાતથી ડરે છે? પુરૂષપ્રધાન સમાજમાં સતત ઉપેક્ષા,અને અવહેલના વચ્ચે અફળાતી રહી છે. આપણા મનની સંવેદનાને ઢંઢોળ ીને આ પ્રશ્ન વિષે વિચાર કરવો જરૂરી છે સમાજે વિધવાની જીંદગીને અસહાય બનાવી દીધી છે તેના પોતાના કહેવાતા લોકો તેમની સાથે કેવુ વર્તન કરે છે ? પતિનુ મરણ થાય પછી સ્ત્રી ને ચૂડી ચાંદલો સારા કપડા બધુ બંધ,માથાના વાળ પણ મૂંડાવી નાખવામાં આવે છે . કયારેક તો સતીના નામ પર બાળી મૂકવામાં આવે છે. તેમના સગા સબંધીઓ બંધનો મૂકવામા બાકી રાખતા નથી. આટલો ત્રાસ તો દુશ્મનો પણ નથી આપતા તે કાં ભીખ માગે છે. અથવા કેટલીય જુવાન વિધવાઓને નરકનો ધંધો કરવા મજબુર થવુ પડે છે.

આ બધાની પાછળ છે નર્યો સ્વાર્થ, તેના રૂપિયા પૈસા ઘરેણા અને મિલકત પડાવવાની લાલચ .ખાશેપીશે અને સુઃખીથી રહેશે તો ખેતી વાડી સંભાળશે.તેથી તેને સતી બનાવી મારો, તેને તીર્થધામમાં મૂકી આવો. ઘરમાં નોકરાણીની જેમ રાખો. ચૂંડેલ કહીને ધકકા મારી કાઢી મુકો.પુરૂષના મૂત્યુ પછી સ્ત્રીને માટે આવું બધુ સહન કરવાનુ હોય છે. કોઈ પુરૂષ વિધુર થાય છે ત્યારે તેમને આવું કાંઈ જ કરવુ પડતુ નથી.સમાજમાં વિધવા માટે અલગ જ પહેચાન બનાવવામાં આવી છે.જયારે વિધુર માટે તેવુ કશુ નથી. પરંતુ પત્નિ મરણ પામે પછી સ્મશાને લઈ જાય ત્યારે જ તેમના બીજા લગ્નનુ નકકી કરી નાખવામાં આવે છે.અને કપાળમાં ચાંદલો કરી સ્મશાને લઈ જતા નથી.જયારે વિધવા– વિવાહને હજુ પણ સમાજમાં ખરાબ માનવામાં આવે છે.વિધવા આવી તકલીફો ભોગવે તેનાથી કોને લાભ થાય છે? તેના મૃત પતિને? ના બિલકુલ નહિ,તો પછી ખુદ પોતાને? તો જવાબ આવે ના.ફાયદો થાય છે તેમના સાસરીયાને.આપણા કેટલાય રિવાજો પાછળ આવુ કપટી રાજકારણ છુપાયેલુ છે.

શોષણ અને દબાણથી સ્ત્રીને હીનભાવનાની બેડીઓએ જકડી રાખી છે. સ્ત્રી સહનશીલતાની મૂર્તિ છે તેમ કહીને તેના ઉપર ઘણી સહેલાઈથી રિવાજોના નામ ઉપર અત્યાચારો ગુજારવામાં આવે છે.સ્ત્રીનુ ગૌરવ,નારી જગતનુ સામર્થ્ય અને મહિલા શકિતના અસ્તિત્વને સમાન ધોરણે સ્વીકારવામાં સમાજ આનાકાની કરે પરંતુ આપણે ઈચ્છી એ કે આજ સુધીની પોતાની પરાધીનતાને ખત્મ કરે. જીવનની પ્રત્યેક આટીધૂટી ઉકેલવા માટે સંઘર્ષ કરવા મહિલા પાસે ગજબની તાકાત અને કોઠાસૂજ છે.કટોકટી સમયે સ્ત્રી પાસે અનોખી ઉર્જાશકિત અને હૈયાધારણ હોય છે.તેમની પોતાની તાકાતને ઓળખી પોતાના જીવન પર નિયંત્રણ મેળ વે.અને એક સ્વતંત્ર વ્યકિત તરીકે પોતાની ઓળખાણ ઊભી કરી શકે છે.સ્ત્રી કોઈ પણ રિવાજ ને અપનાવતા પહેલા પોતાની સમજણ પ્રમાણે તેને ચકાશે,અને જે મન કહે તે પ્રમાણે અપનાવે.હજુ આજે પણ સ્ત્રીઓને પોતાના હકક માટે લડવુ પડે છે.સ્ત્રીઓમાં વિશેષ જાગૃતિ આવે તે માટે બધા તબકકે સામૂહિક પ્રયત્નો થવા જોઈએ.સ્ત્રીની શકિતનો સરકાર અને સમાજ સ્વીકાર કરે તો જ નારીનું ગૌરવ વધે.

**–રેખાબેન દોંગા.**

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers,Ganesh complex - Amreli and Published at 95-Jalaram nagar (2), Amreli, Editor Dhiren Vagadia.

**Post Regn. No. G/AMI-91/99 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/1999/1521**

**Date Of Issue1st of month**

ટપક કાર્યાલય

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**

૩૧ ,ઓમનગર (૩), ગોકુલ ગાર્ડન સામે,

હનુમાનપરા રોડ, અમરેલી–૩૬૫ ૬૦૧

ફોન (૦૨૭૯૨) ૨૫૧૫૭,૩૦૮૮૯,૨૩૫૨૫

Fax : 02792 30880 E-mail : hard@ad1.vsnl.net.in

**ખુદ પોતાની જાતથી બીનારને કોઈ નિર્ભય બનાવી શકતુ નથી.**

**સંસ્થા સમાચાર**

**પંચાયતી રાજ**

*સંસ્થા દવારા ચાલતી પંચાયતની કામગીરીમાં ખાંભા તાલુકાના પંચાયત સંદર્ભ કેન્દ્રની મુલાકાતે શ્રીમતિ પારૂલ પ્રજાપતિ (મહિલા સ્વરાજ અભિયાન) આવ્યા હતા. તેઓએ આંબલીયાળા મહિલા સરપંચની મુલાકાત લઈ હાલમાં ચાલતી સંસ્થાની કામગીરીની વિગતો તથા તેમના દ્વારા ચાલતા પંચાયતના કામોની વિગતો મેળવી હતી.કાપાર્ટ દ્વારા પણ પંચાયતીરાજ સંદર્ભે શ્રી એસ. લીંડસે (યંગ પ્રોફેશનલ) સંસ્થાની મુલાકાતે આવ્યા.(૨૦/૬) તેમણે નાના વિસાવદર,નાનુડી,ઉમરીયા,ધાવડીયા,ચક્રાવાકંટાળા વિ.સરપંચો તથા પંચાયત સદસ્યોની મુલાકાત લઈ સ્થાનિક સ્વરાજની આ સંસ્થા પ્રત્યેની સમજ અંગે જાત માહિતી મેળવી હતી.*

**વોટરશેડ**

*ભૂગર્ભ જળસંગ્રહની સાથે લોકોના આર્થિક– સામાજીક પરિવર્તન માટે કાર્યરત આ યોજનાના ૬ ગામોમાં આ માસના આરંભમાં જ વરસાદ થતા વનીકરણ, બાગાયત, કુવારિચાર્જ તથા શોષખાડા બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી. દરેક ગામે ત્રણ ત્રણ સ્વયંસેવકો આ માસથી કાર્યરત થયા છે.*

*પૂર્ણ થયેલ ૧૦ વોટરશેડ પ્રોજેકટમાં પણ થયેલ વરસાદ ના કારણે ભૂગર્ભ પાણી સંગ્રહ માટે કરવામાં આવેલ કામોમાં પાણી ભરાઈ ગયુ છે. (છેલ્લા બે વર્ષના દુષ્કાળના કારણે કોઈ લાભ થઈ શકયો ન હતો.) આ વર્ષે ખેડૂતો પોતાના ઉત્પાદનો વધુ મેળવી શકે તેવી આશા બંધાયેલ છે.*

**નીડ એસેસમેંટ–**

*અમરેલી તથા લાઠી શહેરના હિરાના કારીગરો ના આરોગ્ય પર શરૂ કરેલ અભ્યાસ અંગેનું ૬૦ ટકા જેટલું કાર્ય પુર્ણ કરેલ છે.પ્રોજેકટ સપોર્ટ યુનિટ તરફથી શ્રી દિપકભાઈ તેરૈયા એ ચાલતા આ અભ્યાસની સમીક્ષા કરી હતી અને તેઓ પણ લક્ષિત સમૂહના લોકોને મળ્યા હતા.*

**વિકલાંગો માટે તાલીમ કોર્સ**

*ગુજરાત રકતપિત નિવારણ સેવા સંઘ દવારા ચાલતા તાલીમ પુર્નવર્સન કેન્દ્ર–સેવા તીર્થ(તરસાણી બાયપાસ પાસે) વડોદરા મુકામે ૧ લી ઓગસ્ટ ૨૦૦1 થી ટેલરીંગ–કટીંગ તથા બુક બાઈન્ડીંગ ના કોર્સ માત્ર વિકલાંગ ભાઈ બહેનો માટે શરૂ થઈ રહયા છે.પ્રવેશ ઈચ્છુક મિત્રોએ સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવો.*

**ભૂકંપ સહાય**

*સ્વૈચ્છીક સંસ્થાઓના નેટવર્ક જનપથના સહયોગથી ગ્રામ્ય કામદાર સેવા કેન્દ્રના ઉપક્રમે શ્રી માધુભાઈ વેગડાની આગેવાની હેઠળ અને ઘેડ અને કાંઠાળ વિસ્તારમાં બોખીરા, ખાપટ,અમીપુર,ભડ,કવલકા વિ. ગામોમાં ૨૦૦ જેટલા ભૂકંપગ્રસ્ત કુટુંબોનેવાસણ કીટ આપવામાં આવી .*

**આદરણીય શ્રી.**

*ધીરેનભાઈ વાગડીયા.*

*ટપક પરિવાર,*

*આપ દ્વારા પ્રગટ થતું ટપક મળે છે. આ ટપક અમારી જેવા માટે દિવાદાંડીરૂપ છે. કારણ કે વિકાસની દિશા ખુલે છે. મુશ્કેલીના આવરણો હટાવે છે. કયારેક હૃદયના ઉંડાણમા બેઠેલ અંતરાત્મા બોલી ઉઠે વાહ વાગડીયા સાહેબ વાહ પ્રણામ છે તમોને અને તમારી ટીમને એક વિકાસની જરૂરી પાણી વાળા જિલ્લામાં આપ ખંતથી કામ કરી રહયા છો આપનું કામ અમો માટે પ્રેરણારૂપ બની રહયું છે. ચોકકસ મારૂં અમરેલી ગુજરાતમાં નમુનારૂપ બની રહેશે. કારણ કે આ જિલ્લાને પાણીદાર માણસો મળ્યા છે. એ પાણીદાર માણસો એકમેકનો હાથ મિલાવી કામે લાગશે તો વિવિધ દૂષણોને ઉભી પૂછડીએ ભાગવું પડશે આ કામ આપની* સંસ્થા દ્વારા તેવી આશા રાખુ છુ અમરેલીની વિવિધ સ્વાયત સંસ્થાઓ એક મંચ ઉપર દર બે મહિને ભેગી થાય અને નિસ્વાર્થભાવે જિલ્લાના તંદુરસ્ત વિકાસ માટે શું કરી શકાય તેની વિચારણા થાય તે અતિ જરૂરી છે.તે વિચારમંચ આપ જ પૂર્ણ કરી શકો તેમ છો તેવુ મને સ્પષ્ટ લાગે છે.

ઘણી વખત આપની સાથે વિચાર વિનીમય કરવાની ભાવના જાગે પણ આપની સમયની વ્યસ્તામાં ગોઠવાઈ નથી શકતું છતાં આપની પ્રવૃતિ જોવા સમજવા માટે મને ટાઈમ ફાળવશો તો તમારો આભારી થઈશ.ભવિષ્યમાં [illegible] બાબતે મારે પી.એચ.ડી.કરવાની ગણતરી છે.ત્યારે આપ જેવા આત્મજનનું માર્ગદર્શન ઉપયોગી બની રહેશે તેવી આશા સાથે આપને અને આપની ટીમને હૃદયપૂર્વકના વંદન કરૂ છું.

**દેવચંદભાઈ સાવલીયા**

**વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ, બગસરા.**

વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટની પ્રવૃતિઓ :–

૧.લોકોમાં જાગૃતિ લાવવી.

૨.ગામોમાં મોબાઈલ લાઈબ્રેરી ખોલવી.

૩.સજીવ ખેતીની જાણકારી અને વિસ્તરણ કરવુ.

૪.સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમો કરવા.

૫.પર્યાવરણ શિક્ષણને લગતા કાર્યક્રમો કરવા.

૬.ભુગર્ભ ટાંકા અનેજળસંગ્રહના કામો કરવા.

૭.ગોબરગેસ પ્લાન્ટ બનાવવા.

૮.ગ્રામિણ અને શહેરી વિસ્તારમાં શૌચાલયો બનાવવા.

૯.યુવકમંડળો બનાવવા અને તેને મદદરૂપ થવુ.

## વિકાસ

વિકાસ એ જીવનમાં મહત્વનુ પાસુ છે. વિકાસ એ માત્ર ભણવા પર આધારિત નથી. તે બે પ્રકારમાં હોય છે એક વ્યકિતવિકાસ અને બીજુ શહેરી/ગ્રામિણ વિકાસ. આજે શહેરીકરણને વિકાસની દિશામાં આપણે થોડુ માત્ર જોઈએ છીએ પરંતુ ગ્રામિણક્ષેત્રમાં વિકાસ શબ્દ પણ લોકો માટે ઓળખવો કે સાંભળવો નવીનતા છે કે હતી.આમ વિકાસને ધ્યાનમાં રાખી આજ સુધીમાં ગ્રામ્ય/શહેરી વિકાસની ઘણી બધી યોજનાઓ આવી. અને ગ્રામ્ય સ્તરની છેલ્લામાં છેલ્લી વ્યકિતના વિકાસ માટે અમલમાં મુકાઈ પરંતુ આનાથી છેલ્લી વ્યકિતને થયેલ લાભની વિગતો આપણે જાણીએ છીએ. આવી યોજનાઓમાં ફેરફાર કરવાનુ જરૂરી લાગ્યુ ત્યારે ડો. સી.એચ.હનુમંતરાવના અધ્યક્ષપણા હેઠળ ૧૯૯૪માં તજજ્ઞ કમીટી રચાઈ જેમાં લોકોની સંપૂર્ણ ભાગીદારી સાથે કાર્યક્રમોનુ અમલીકરણ ગોઠવવાની વિચારણા થઈ. આમ રોજગારી અને પર્યાવરણ સંતુલન બંને બાબતોને વિકાસની ગતિ તરીકે સાંકળી ભારત સરકાર દ્વારા વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોગ્રામ બનાવવામાં આવ્યો. વિકાસની જરૂર હોય તેવા ગ્રામિણ વિસ્તારો પસંદ કરવા અને તે વિસ્તારો પૈકી અમુક ગામો અથવા એક જ ગામ પસંદ કરવું આ ગામનો મહેસુલ વિસ્તાર અને ગામના લોકોનો સર્વાંગી વિકાસ તે જ ગામના લોકોની સુખાકારી માટે જરૂરીયાત મુજબ કામો હાથ ધરવા ગામનો સર્વાંગી વિકાસ તે જ ગામના લોકો મારફત થાય. ગામના લોકોમાં એવો વિશ્વાસ પેદા થાય કે વિકાસ કાર્યો આપણે જ ચલાવીએ છીએ. સરકાર તો આપણે જે કાર્ય કરવાનુ છે તેમાં માત્ર સહકારની ભુમિકામાં છે.આ બાબતની લોકોને ખાતરી થાય તે માટે જેમણે લોકોનો નિયમિત સંપર્ક જાળવી રાખ્યો છે તેમની આકાંક્ષાઓ અને અલગ–અલગ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સ્વૈચ્છિક કાર્ય કરતી જેતે વિસ્તારની સંસ્થાઓએ પરિયોજના અમલીકરણ સંસ્થા (PIA) તરીકે જવાબદારી સંભાળે. રાજયકક્ષાએ ગ્રામ વિકાસ વિભાગ અને જીલ્લા કક્ષાએ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી આ કાર્યભાર સંભાળી રહેલ છે. યોજનાનુ મુખ્ય હાર્દ લોકભાગીદારીથી માનવ સંસાધન અને કુદરતી સંસાધનનો વાસ્તવમાં વિકાસ થાય અને છેલ્લામાં છેલ્લી વ્યકિતને તેનો લાભ મળે તેવા ગ્રામ સમાજની રચના. ૧૯૯૭માં શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર અમરેલીએ ખાંભા તાલુકાના ૧૦ ગામોમાં વોટરશેડ વિકાસ યોજનાની કામગીરી સંભાળી. ૧૯૯૯ થી બીજા ૬ ગામમાં પ્રોજેકટ શરૂ થયા જે હાલ ચાલુ છે. આમ સંસ્થા દ્વારા ૧૬ ગામોમાં સર્વાંગી વિકાસ સમાન વોટરશેડ વિકાસ યોજના હાથ ધરવામાં આવી છે. જળ જમીન સંરક્ષણ, કૃષિ વિકાસ, વનીકરણ, પશુપાલન વિ.નાં વિકાસની સાથે માનવ સંસાધન એટલે કે જન સહભાગીતા, વહીવટી કુશળતા, તાંત્રિક જ્ઞાનનો અને ગ્રામ્યકોઠા સુઝનો મહતમ ઉપયોગ વિ. નો વિકાસ કરવો.આ યોજનામાં સૌ પ્રથમ વોટરશેડ એસોસીએશન,વોટરશેડ કમીટી, સેક્રેટરી/સ્વયં સેવકોની નિમણૂંક, સામુહિક સંગઠનો, સ્વાશ્રયી જુથો, ઉપભોકતા જુથ, પ્રેરણા પ્રવાસ, તાલીમ, સહભાગીતા ગ્રામિણ મૂલ્યાંકન,લોકફાળો અને લોકોની ભાગીદારી સાથે સંસ્થાએ ગ્રામિણ સહકારથી કામગીરી કરી. સાથે સંસ્થાએ પ્રોજેકટના ૧૦ ગામોમાં જે બાળકો અમુક પરિસ્થિતિના કારણે શાળાએ ગયા ન હોય અથવા વચ્ચે છોડી દીધુ હોય કે પછી ભણવામાં નબળા હોય તેવા બાળ કોને શાળા સાથે જોડવાના હેતુથી રાત્રિ વર્ગો શરૂ કરેલ જે સ્વયં સેવક સંભાળી રહયા હતા.આ વર્ગો શરૂ કરવા પાછળ સંસ્થાનો ધ્યેય એ હતો કે બાળકો વાંચતા લખતા શીખે.સાથે સાથે આજ ગામોના ભાઈ બહેનોનેઆરોગ્યલક્ષી, જનસમુહની સહભાગીતા, ઔદ્યોગિક, વોટરશેડ પ્રોજેકટ વિસ્તારના કાર્યકરોની ક્ષમતા વર્ધન, સ્ત્રી હિંસા અને સામાજીક વિકાસમાં તેની ભૂમિકા, ખેડૂત મહિલા તાલીમ, અવૈધિક વર્ગોને લગતી વિવિધ તાલીમો, કાર્ય શિબિરો, લેખન શિબિર, લેખન સ્પર્ધા અને પ્રેરણા પ્રવાસોના કાર્યક્રમો કરેલ છે. આમ વ્યકિત વિકાસ અને ગ્રામિણ વિકાસ માટે સંસ્થા દ્વારા સૂક્ષ્મ સ્તરીય આયોજન થયા છે.આજે ૧૦ ગામોમાં વોટરશેડ વિકાસ યોજનાનુ કામ પુર્ણ થયુ છે તે જે તે ગ્રામિણ સમિતિ એક રજીસ્ટર્ડ સંસ્થા તરીકે કામ કરી શકે એટલી સક્ષમ બની છે. પ્રોજેકટ પૂર્ણ થયા પછી આ ગામોના લોકો જ વિકાસલક્ષી કાર્યક્રમો લાવી પોતે કામ કરે તેવા લોકોને પણ તૈયાર કર્યા છે. જેથી આપણે ઈચ્છિએ તે વિકાસ વાસ્તવમાં શકય બને. આમ વિકાસના કાર્યોને ધ્યાનમાં રાખી પાંચેક વર્ષથી સંસ્થા ખાંભા તાલુકામાં કાર્યરત છે તેને પ્રગતિમય બનાવવા સતત પ્રયત્નશીલ છે.

આ તાલુકામા ઉન્નતિ તથા મહિલા સ્વરાજ અભિયાન સાથે રહી મતદાર જાગૃતિ અભિયાન તથા મહિલા સરપંચ સભ્યો દ્વારા પંચાયત સંદર્ભ કેન્દ્ર શરુ કરેલ છે. વિસ્તારની આગેવાન બહેનો માટે તાલીમ કાર્યક્રમો પણ યોજવામા આવેલ છે. આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ બાદ આ તાલુકાના દરેક ગામોમા નવા ચુંટાયેલા સભ્યો/સરપંચો માટે પણ સંસ્થા એક શૈક્ષણિક કાર્યક્રમ શરુ કરવા ધારે છે. આ માટે સંસ્થાએ ખાંભા તાલુકાના ગામો તથા જિલ્લા તાલુકાની પુનઃરચના બાદ નવા ઉમેરાયેલા ગામોની વિગતો મેળવી છે. આ તમામ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પદાધિકારીઓની શૈક્ષણિક જરુરિયાતોની વિગતો પણ મેળવી છે.

**માણસ પડે નહિ તેવું નથી, પણ પડયા પછી ઉભો થઈ જવો જોઈએ.**

# ટપક

**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખપત્ર**

વર્ષ :૩ અંક : ૬ જુન,૨૦૦૧



**સંપાદક ટીમ**
પ્રકાશ ભટ્ટી
કંચનબેન વાગડિયા
વજુ ગોવિંદીયા
ધર્મેન્દ્ર મહેતા
મમતા ગૌસ્વામી
વિજયાબેન કુંકવાવ
રેખાબેન દોંગા


## કોઈ અદેખાઈ, ટીકા કરે એથી શું કામ બેચેન બની જવું ?

આપણા જીવનમાં અવનવી ઘટનાઓ બનતી રહે છે. જેમ માણસ મોટો એનુ નામ મોટુ.એમ એની ટીકા પણ વધારે. સાચી વાત તો એ છે કે આપણે વજુદ વિનાની ટીકાને પણ વધારે પડતુ મહત્વ આપીને બેસીએ છીએ.આપણે પોતે જ વાતનુ વતેસર કરી મૂકીએ છીએ,અને મનને નબળુ બનાવી દઈએ છીએ. લોકોની વાતોને કે અભિપ્રાયોને મહત્વ આપી આપણે આપણા વિચારોમાં ઢીલા પડી જઈએ છીએ. દુનિયાદારીનો ચીલો ચીતરીને જેમણે નવી કેડીઓ કંડારવાનો પ્રયાસ કર્યો છે,એ બધા શરૂઆતમાં તો ક્રાંતિ  કરે છે,એ બધાના જીવન તપાસજો.લોકોના નિંદાના તીર એમણે સહન કર્યા છે. લોકોએ એમનું અપમાન કે ઉપેક્ષા કરવામાં કશું બાકી રાખ્યુ નથી.ઈસુ જેવા ઈસુને પણ શુળી એ ચડવુ પડયુ હતુ,અને સોક્રેટીસને ઝેર પીવુ પડયુ હતુ.મહાત્મા ગાંધી જેવા સત્ય અને અહિંસાના પૂજારીને બંદૂકની ગોળીઓથી વીંધાઈ જવુ પડયું હતુ.પણ આજે આ પુરૂષોને મહાપુરૂષ તરીકે લોકોએ સ્વીકાર્યા છે.અને એમની પૂજા કરે છે.મીરા અને નરસિંહ મહેતાને પણ ઓછુ સહન કરવું પડયુ છે ? લોકોની ટીકાઓ સહન કરીને પણ  મીરાએ કૃષ્ણભકિતને એક નવો રંગ આપ્યો હતો.નરસિહ મહેતાને નાત બહાર મૂકાવુ પડયુ હતુ,પણ હરિનો  મારગ છે સૂરાનો,નહિ કાયરનુ કામ જોને ગાયુ હતુ.

તમે કોઈ જેવી વાત કરશો, નવો વિચાર મુકશો, કે કોઈ નવો આદર્શ રજુ કરશો ત્યારે શરૂઆતમા તો જુનવાણી લોકોને ઝટકો લાગી જવાનો. પરંપરાઓમા રાચનારાઓને ગુસ્સો આવી જવાનો. તમારી સામે વિરોધનો વંટોળ જાગી જવાનો. એ બધા વચ્ચે જો તમે અચલ અને અટલ રહેશો તો તમે જરૂર સફળ થવાના પણ જો લોકોની ટીકાઓથી ડગી ગયા તો તો ખલાસ. જે કોઈ પોતાના પદ પર સફળ થયા છે એમણે લોક નિંદા કે ટીકાઓને કદી મહત્વ આપ્યુ નથી.

ભણેલા–ગણેલા શિક્ષિત કહેવાતા લોકોને પણ જિંદગીમા કોઈ મહત્વનો નિર્ણય લેવાનો હોય ત્યારે એમને મનમાં પહેલો એ વિચાર આવે છે કે લોકો શું કહેશે ? લોકોને, લોકોના અભિપ્રાયને કે માન્યતાઓને નજરમા રાખી આપણે નિર્ણય કરીએ છીએ ત્યારે એમા કશો ભલીવાર આવતો નથી. લોક–ટીકા, લોક–નિંદા અને આલોચના એક એવુ પિંજર છે કે માણસની મુરાદોને કેદ કરી રાખે છે, મુકતપણે ઉડવા દેતુ નથી અને માણસ એવીને એવી સ્થિતીમા સબડયા કરે છે, જયાં છે ત્યાનો ત્યા જ રહે છે. એના જીવનને ગતિ મળતી નથી. તમારે જીવનમા કંઈક નવું કરવુ છે ? તમારી મહત્વકાંક્ષાઓ, સ્વપ્નાઓ સાકાર કરવા છે ? તો તમે તમારી પોતાની રીતે નિર્ણય લેજો.કોઈની નકલમાં પડી જતા નહી.કોઈનુ જોઈને એને અનુસરવામાં લાગી જતા નહી.તમારી પોતાની આગવી પહેચાન ઉભી કરજો.તમારી પાસે તમારુ પોતાનુ સ્વતંત્ર વ્યકિતત્વ હોવુ જોઈએ. તમારે પોતે જ એને ખીલવવાનુ હોય છે.

તમે જે કામ કરતા હોવ કે કરવા માગતા હોવ, એ કામ સાચી દિશાનુ છે સારૂ છે તમારા એ કામથી કોઈને હાની પહોચતી નથી અને સમાજના કલ્યાણનુ કામ છે એ બધુ તમારે પોતે વિચારી લેવાનુ છે. પ્રમાણિક અને સાચી ટીકા કરનારા તો બહુ ઓછા હોય છે. મોટે ભાગે ટીકા કરનારાઓ પોતાના સ્વાર્થ કે હિતને નજરમા રાખીને ટીકા કરતા હોય છે.એમની ટીકામા ઈર્ષા ભાવ હોય છે.અદેખાઈ તથા પુર્વગ્રહ હોય છે. તો પછી એવી ટીકાઓની શા માટે પરવા કરીએ? કોઈ વિશેષ ગુણ કે ક્ષમતા તમારામા છે અને જે લોકોમા નથી એજ તમારી નિંદા કરવા પ્રેરાય છે ટીકાઓ કરવાનુ હોય નહી એમ નિષ્ફળતાના ભયથી પણ ડરવાનુ હોય નહી. તમે જયારે કોઈ નવુ કામ શરૂ કરો ત્યારે શંકા કુશંકાઓ પણ શેવશો નહી. સંશયથી દુર રહીને પુરા આત્મવિશ્વાસથી કોઈ પણ કામ શરૂ કરજો.

**દયાબેન સેંજલીયા, બંસીધર મહિલા મંડળ, રબારીકા**

***Self Analysis***

Just before retiring to bed, think of the mistakes you committed during the course of the dan. Ask God for forgiveness. Benjamin Frenklin kept a daily diary and correction register. You can also do the same. You will remove all your weaknesses and shine like a star.

**માણસ એક એવુ પ્રાણી છે જેને કેળવી શકાય છે,બાકીના પ્રાણીઓને હેળવી શકાય છે.**